



ગાંધીનગરના આંગણે પ્રથમવાર શ્રી શ્રી રવિશંકરજીની પધરામણી થતા ભાવિકોમાં ભારે હર્ષની લાગણી જોવા મળી હતી. સે-૨૨ સ્થિત રંગમંચમાં ઢળતી સંધ્યાએ ગણેશવંદના અને ભરતનાટયમ થકી શિવ તાંડવની પ્રસ્તુતિ બાદ મહારુદ્ર પુજાનો ભાવિકોએ લાભ લીધો હતો. ઓમકાર ગુંજન અને ઓમ નમ : શિવાયના દિવ્ય મંત્રોચ્ચારના જયઘોષથી સર્જાયેલા દિવ્ય માહોલમાં શાસ્ત્રોક્ત રીતે મહારુદ્રપુજા યોજાઇ હતી. મહારુદ્ર પુજા અને શ્રી શ્રી ના દર્શનનો ભાવિકોએ મોટી સંખ્યામાં લાભ લીધો હતો. રુદ્રપુજાના અંતે ભજનની રંગત જામી હતી. આર્ટ ઓફ લીવીંગ સંસ્થાના પદાધિકારીઓ અને નગરના અગ્રણીઓ સહીત નગરજનો મોટી સંખ્યામાં ભજનની રંગતમાં જોડાયા હતા.

# આર ટી ઓ સંકુલમાં ૬ વર્ષથી ધુળ ખાતી લકઝરીની હરાજી

**૧૧.૫૦ લાખની આવક : વિવિધ ગુન્હા હેઠળ ડિટેઇન કરાયેલી પાંચ લકઝરી બસને હરાજી કરી આપી દેવાઇ : આર ટી ઓ કચેરીના સંકુલમાં પણ જગ્યા થશે**

ગાંધીનગર તા ૩

ગાંધીનગર આર ટી ઓ કેચરી દ્વારા ૬ વર્ષ અગાઉ વિવિધ ગુન્હા હેઠળ ડિટેઇન કરેલી ૫ લકઝરી બસોની હરાજી કરવા માટે આખરે પ્રક્રીયા હાથ ધરાઇ હતી. આર ટી ઓ કચેરીએ આ હરાજી દરમિયાન રૂ ૧૧.૫૦ લાખની વધારાની આવક કરી છે.

વિવિધ ગુન્હા હેઠળ ડિટેઇન કરાયેલા વાહનો અન્વયે દંડ ભરપાઇ કરીને પરત ન લઇ જવામાં આવે તો આવા વાહનોની આર ટી ઓ કચેરી દ્વારા હરાજી કરવામાં આવે છે. આ મુજબ ગાંધીનગર આર ટી ઓ કચેરીએ પણ થોડા સમય અગાઉ આવા ડિટેઇન કરાયેલા વાહનોની હરાજી કરી હતી. પરંતુ હરાજીની પ્રક્રીયાના

● અનુસંધાન પાન-૭ પર

# મનપાનો કાનૂની જંગ બુધવાર પર મુલત્વી

**આજે અઢી કલાક સુનાવણી થઈ : પક્ષાંતર ધારા ભંગની અરજી પરની સુનાવણી સંપન્ન થઈ**

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મહાનગર પાલિકાનો કાનૂની જંગ આજે આગળ વધ્યો હતો અને બુધવાર પર વધુ સુનાવણી મુલ્તવી રહેવા પામી છે.

મળતી વિગતો પ્રમાણે આજે બપોર પછી રાજયની વડી અદાલતમાં આ કાનૂની જંગ શરૂ થયો હતો અને બન્ને પક્ષ તરફથી દલીલો લંબાણપૂર્વક ચાલી હતી.

સૂત્રો પાસેથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પક્ષાંતર ધારા ભંગની કોંગ્રેસ પક્ષના શૈલેન્દ્રસિંહ બિહોલાએ કરેલી અરજી પર લંબાણપૂર્વક દલીલો બન્ને પક્ષ તરફથી રજુ થઈ હતી અને આ કેસમાં સુનાવણી સંપન્ન થઈ જવા પામી છે.

આજે કોર્ટે એક સાથે બધી અરજીઓ સાંભળી અને પોતાનો ચુકાદો આપશે તેમ જણાવતાં સામાન્ય સભાની કાર્યવાહીની કાયદેસરતા પરની સુનાવણી હાથ ધરાઈ હતી.

આજે કોર્ટમાં પક્ષાંતરધારા ભંગની ફરિયાદ પરની અરજીની સુનાવણીમાં પ્રવિણભાઈ પટેલ વતી એડવોકેટ ઉપાધ્યાયે દલીલો કરી હતી તો કોંગ્રેસ વતી એડવોકેટ ચાંપાનેરીએ દલીલો કરી હતી.

આ પછી કોર્ટે સામાન્યસભાની કાર્યવાહી અંગે કરાયેલી અરજી પરની સુનાવણી હાથ ધરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

## પ્રવિણ પટેલ આજે રાજીનામુ આપશે ?

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર મનપાના મેયર પ્રવિણભાઈ પટેલ આજે કાઉન્સીલર અને મેયરપદેથી પોતાનુ રાજીનામુ નવ નિયુક્ત કમિશનરને સુપ્રત કરે તેવી શકયતાના નિર્દેશ પાટનગરના રાજકીય વર્તુળોમાંથી મળી રહ્યા છે.

રાજયની વડી અદાલતમાં પક્ષાંતર ધારાભંગની ફરિયાદનો સામનો કરી રહેલ પ્રવિણભાઈ પટેલ વોર્ડ નં. ૩માંથી કાઉન્સીલર તરીકે ચૂંટાઈને આવ્યા હતા. તેમણે કોંગ્રેસ છોડી ભાજપમાં ભળી જઈ મેયરપદ હાંસલ કર્યુ હતુ.

મેયર તરીકેની તેમની અઢી વર્ષની મુદતથી નવેમ્બરે પૂર્ણ થઈ ગઈ છે. નવા મેયરની વરણી અને સામાન્ય સભાની કાર્યવાહી અંગે હાલ રાજયની વડી અદાલતમાં જંગ ચાલી રહ્યો છે.

પક્ષાંતરધારા ભંગની અરજી પરની સુનાવણી દરમ્યાન કોર્ટે તેમનો મત સિલબંધ કવરમાં રાખવાના આદેશ આપી પરિણામ જાહેર નહિ કરવાના આદેશો જારી કર્યા હતા.

આ પછી તેમના અધ્યક્ષસ્થાને સામાન્ય સભા મળી હતી. જોકે સમગ્ર મામલો હાલ હાઈકોર્ટમાં છે. પ્રવિણભાઈ પટેલનો સંપર્ક કરતાં તેમણે જણાવ્યુ હતુ કે પક્ષનો આદેશ હશે તો હું રાજીનામુ આપવામાં પળનોય વિલંબ નહિ કરૂ. હજુ મેં રાજીનામુ આપ્યુ નથી.

જો કે તેમના નિકટવર્તી સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ તેઓ મંગળવારે તેમના હોદ્દા પરથી રાજીનામુ આપી શકે છે.



## એપીએમસીના ચેરમેન - વાઈસ ચેરમેનની વરણી

ગાંધીનગર ખેતવાડી ઉત્પાદન બજાર સમિતિના નવા ચેરમેન તરીકે જાણીતા સહકારી અગ્રણી અને વકીલ અશોકભાઈ પટેલની અને વાઈસ ચેરમેન તરીકે પેથાપુરના અનિલસિંહ એમ. વાઘેલા ચૂંટાઈ આવ્યા છે. આજે નવા બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મળેલી પ્રથમ બેઠકમાં આ બન્ને હોદ્દેદારોની બિનહરિફ વરણી કરવામાં આવી હતી. આ વરણીને તેમના સમર્થકોએ પુષ્પગુચ્છ આપી અને ગુલાબ ઉડાડી વધાવી લીધી હતી.

# લોકરક્ષક દળના ઉમેદવારો વતી પીએમઓને પત્ર લખાયો

અમદાવાદ,તા. ૩

ગુજરાત રાજયમાં લોકરક્ષક દળની પરીક્ષાનું પેપર લીક થવાનો વિવાદ વધુ ને વધુ ગરમાતો જાય છે ત્યારે આ ઘટનાને પગલે આક્રોશિત લાખો ઉમેદવારો તરફથી સુજય હુંમર નામના પરીક્ષાર્થીએ વડાપ્રધાન કાર્યાલયને પત્ર લખ્યો છે અને ઉમેદવારોની વેદના ઠાલવી છે. પત્રમાં તેણે ૯ લાખ વિદ્યાર્થીઓની પરીક્ષાનું પેપર ફૂટી જવાની ઘટનામાં સંડોવાયેલા અને જવાબદાર નેતાઓ તથા અધિકારીઓને ખુરશી તાત્કાલિક છોડાવવાની ઉગ્ર માંગણી કરી છે. જેને લઈ હવે સમગ્ર રાજકારણ વધુ ગરમાયું છે. નવી દિલ્હી સ્થિત વડાપ્રધાન કાર્યાલય(પીએમઓ)ને કરેલી ફરિયાદમાં સુજય હુંમરે લખ્યું છે કે, લોક રક્ષક ભરતી બોર્ડ દ્વારા યોજાનારી પરીક્ષા રદ કરવાને કારણે ઉમેદવારને પડેલી મુશ્કેલી અને નુકસાનીની જવાબદારી નક્કી કરવા અને ફી પરત કરવા અંગે- સાહેબશ્રી, ગુજરાત સરકારના લોકરક્ષક બોર્ડ દ્વારા ૦૨-૧૨-૨૦૧૮ને રવિવારના રોજ યોજાયેલી લોકરક્ષક અને કોન્સ્ટેબલની ૯૭૧૩ જગ્યા માટે પરીક્ષા યોજવામાં આવી હતી. આ પરીક્ષા આપવા માટે ૮ લાખ ૭૬ હજાર ઉમેદવારોએ પોતાના કેન્દ્ર પર સીટ નંબર પર સ્થાન મેળવી લીધું હતું, ત્યારે અચાનક જ

● અનુસંધાન પાન-૭ પર

# પીંપળજમાં રાત્રિના સમયે દિપડાની હિલચાલ કેદ કરવા મારણ મુકાયુ

**વનતંત્રના ૨૫ કર્મચારીઓની ટીમ સ્ટેન્ડ ટુ દિપડો હજુ હાથમાં લાગ્યો નથી**

ગાંધીનગર તા ૩

ગાંધીનગર નજીકના પીંપળજ ગામમાં દિપડાએ દેખા દેતા વનતંત્ર દોડતુ થઈ ગયુ છે. ગઈકાલની જેમ આજે પણ દિપડાના પગમાર્ક જોવા મળ્યા છે. પરંતુ દિપડો વનતંત્રની ગિરફતમાં ન આવતા આજે વનકર્મીઓ પાંજરામાં મારણ મુકીને દિપડાને કેદ કરવા માટે પ્રયાસ શરૂ કર્યા છે. દિપડાના લીધે ગ્રામજનો સહીત આસપાસના વિસ્તારમાં પણ ફફડાટ પ્રવર્તયો છે.

દિપડાએ છેલ્લા એક મહીનાથી ગાંધીનગરની હદમાં ધામા નાંખ્યા છે. અગાઉ ધનતેરસના દિવસે નવા સચિવાલય સંકુલને ગિરફતમાં લીધા બાદ દિપડાને પાંજરામાં કેદ કરવામાં આવ્યો હતો. ગાંધીનગરમાં સાબરકાંઠાના જંગલ વિસ્તારમાંથી દિપડા ઘુસી આવતા હોવાનુ ધ્યાને આવ્યા બાદ સતત હજુ પણ વનતંત્ર દિપડાની શોધમાં જ છે. હાલ પીંપળજ ગામની સીમમાં દિપડાએ દેખા દીધી હોવાનુ ધ્યાને આવતા વનતંત્ર પણ છેલ્લા બે દિવસથી પીંપળજમાં દિપડાના પગેરુના આધારે

● અનુસંધાન પાન-૭ પર

## સે-૮ ની હોસ્ટેલમાંથી પરીક્ષાના દિવસે જ સવારે ૧૦ ઉમેદવારો પેપર લઈ ગયા હતા..!

ગાંધીનગર પોલીસે પકડાયેલા ચારેય આરોપીઓ પૈકી મહિલા આરોપીની કરેલી સઘન પૂછપરછમાં બહાર આવ્યું છે કે પેપર લીક કરવાનું ષડ્યંત્ર ગાંધીનગરની સેક્ટર-૮ સ્થિત શ્રીરામ હોસ્ટેલમાંથી જ રચવામાં આવ્યું હતું. યશપાલ દિલ્હીથી પરીક્ષાના એક દિવસ પહેલા મોડી રાત્રે પેપરના જવાબ લઈને બરોડા આવ્યો હતો. આ લીક થયેલા પેપર ના જવાબો જયેશ મારફતે ગાંધીનગર આવ્યા હતા અને ગાંધીનગરની સેક્ટર-૮ની હોસ્ટેલમાંથી જ આ જવાબોનું વિતરણ ઉમેદવારો સુધી થયું હતું. એટલું જ નહીં આ જ હોસ્ટેલમાં જે દિવસે લોકરક્ષક ની પરીક્ષા હતી તે જ દિવસે વહેલી સવારે ૧૦ જેટલા ઉમેદવારો આવ્યા હતા. આ તમામ ઉમેદવારો બનાસકાંઠાના હતા અને આ હોસ્ટેલમાં બેસીને જ પ્રશ્નપત્ર ના જવાબોની ચર્ચા પણ કરવામાં આવી હતી ત્યારબાદ તમામ ઉમેદવારો હોસ્ટેલથી છૂટા પડ્યા હતા અને પરીક્ષા આપવા ગયા હતા.

## પેપર લીકમાં પકડાયેલા વાયરલેસ પીએસઆઈને તાત્કાલિક સસ્પેન્ડ કરાયા

લોકરક્ષકની ભરતીના પેપર લીક કરવાના પ્રકરણમાં ગાંધીનગર પોલીસે ચાર આરોપીની ધરપકડ કરી છે તેમાં ગાંધીનગર એસપી ઓફિસમાં ફરજ બજાવતા એક વાયરલેસ પી.એસ.આઈ.ની પણ ધરપકડ કરવામાં આવી છે. પેપર લીક કૌભાંડમાં વાયરલેસ પી એસ આઈ પી વી પટેલની સંડોવણી બહાર આવતાં તેની સામે કાર્યવાહી કરીને ધરપકડ કરી પોલીસ વિભાગ દ્વારા તેને તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. આ પી.એસ.આઈ પહેલેથી જ પેપર લીકના ષડ્યંત્ર માટે થયેલી મીટિંગો દરમિયાન જોડાયેલો હતો.

## મનહર પટેલે ચિલોડાની એક હોટલ ખાતે રૂપિયા ઉઘરાવ્યા

**૫૦થી વધુ ઉમેદવારો પાસે પૈસા લઇ પેપર લખાવ્યું : પેપર લીક કાંડમાં સૂત્રધાર યશપાલસિંહ, મનહર પટેલની વચ્ચે દાહોદમાં રાતભર બેઠક : લાખોની ઉઘરાણી કરાઈ**

ગાંધીનગર, તા.૩

લોકરક્ષક દળ ભરતી પરીક્ષાના પેપર લીક કૌભાંડમાં એક પછી એક નવા ચોંકાવનારા ખુલાસા સામે આવ્યા છે. આજે સાંજ સુધીમાં પોલીસની તપાસમાં એવી ચોંકાવનારી માહિતીનો પર્દાફાશ થયો હતો કે, બાયડના અરજણ વાવ ગામનો રહેવાસી આરોપી મનહર રણછોડભાઈ પટેલ કે જે અગાઉ ભાજપમાંથી બાયડ નગરપાલિકા ચૂંટણી લડી ચૂક્યો છે, તેણે આ લોકરક્ષક દળની પરીક્ષાના પેપર લીક કરવામાં બહુ ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી અને તેણે ચિલોડા ખાતેની એક હોટલમાં ૫૦થી વધુ પરીક્ષાર્થી ઉમેદવારોને પૈસા લઈને પેપર લખાવ્યું હતું. આ માટે તેણે હોટલમાં પૈસા ઉઘરાવવા માટે એક અલગ કાઉન્ટર નાંખ્યું હતુ અને પૈસા ઉઘરાવ્યા બાદ અન્ય રૂમમાં ઉમેદવારોને લઈ જઈ પેપર લખાવ્યું હતું. મનહર પટેલે ઉમેદવારો પાસેથી પાંચથી સાત લાખ રૂપિયાની ઉઘરાણી કરાઈ હોવાની વાત સામે આવી રહી છે, જેથી પોલીસે તે દિશામાં પણ તપાસ હાથ ધરી છે. ટૂંકમાં ચિલોડાની આ હોટલમાં લોકરક્ષક દળના પેપર લીકને લઈ બહુ મહત્વની ઘટનાને અંજામ આપવામાં આવ્યો હતો. આ હોટલમાં ભાજપના નેતા અને રિટાર્યડ પોલીસ અધિકારીની ભાગીદારી હોવાની વાત પણ સામે આવી રહી

● અનુસંધાન પાન-૭ પર

## સેક્ટર-૮માં કોંગ્રેસના ધારાસભ્યના બંગલામાંથી લીક થયેલા પેપર વેચાયા



લોકરક્ષકનાં લીક થયેલા પેપરના જવાબો રાજયના પાટનગર ગાંધીનગર શહેરના સેક્ટર-૮ ખાતેની એક હોસ્ટેલમાંથી વેચાયા હતા. શ્રીરામ હોસ્ટેલ નામથી ચાલતી આ હોસ્ટેલ પ્લોટ નંબર ૧૦૬૭ ના બંગલામાં ચાલતી હતી. આ પ્લોટ નંબરનો બંગલો કોંગ્રેસના ધારાસભ્ય સુરેશ પટેલનો હોવાનું જાણવા મળ્યું છે. સુરેશ પટેલનું આ મામલે કહેવું છે કે તેમણે આ બંગલો દલાલ મારફતે ભાડે આપેલો છે. આ બંગલાનું દર મહિને રૂ.૪૦ હજાર ભાડું લેવા પણ તેમનો ડ્રાઈવર જાય છે. આ હોસ્ટેલ જે વિસ્તારમાં છે ત્યાં એમ.પી એમ.એલ.એ અને મંત્રીઓને રાહત દરે પ્લોટ ફાળવવામાં આવેલા છે. આ હોસ્ટેલની બન્ને બાજુ એક એક બંગલા છે જેમાં એક બંગલામાં ગર્લ્સ હોસ્ટેલ ચાલે છે જ્યારે બાજુનો બીજો બંગલો રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી નો હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. જોકે આ બંધ મકાનમાં હાજર એક કામદારને આ બંગલાના માલિક વિશે પૃચ્છા કરતા બંગલાનાં માલિક વિશે તેને કાંઈ ખબર ન હોવાનું તેણે જણાવ્યુ હતુ.

# લોક રક્ષક દળનું પેપર રાજય બહાર માત્ર એક સેટમાં જ છપાયું હતું

**ભરતી બોર્ડના ચેરમેન વિકાસ સહાયની સ્પષ્ટતા : ૧૬ ડિસેમ્બર લોકરક્ષક દળ પરીક્ષાની નવી તારીખ માત્ર અફવા હોવાની સ્પષ્ટતા : નવી તારીખ ટુંકમાં જાહેર કરાશે**

ગાંધીનગર,તા. ૩

લોકરક્ષક પેપર લીક કૌભાંડમાં પરીક્ષા રદ કરવામાં આવી તેનું પેપર ગુજરાત બહાર માત્ર એક સેટમાં જ છપાયેલું હતું. આ લીક થયેલું પેપર ગુજરાતમાં નહીં પરંતુ, ગુજરાત બહાર અન્ય કોઈ રાજ્યમાં છાપવામાં આવ્યું હતું એ મતલબની સ્પષ્ટતા આજે લોકરક્ષક ભરતી બોર્ડના ચેરમેન વિકાસ સહાયે કરી હતી. વિકાસ સહાયે પેપર લીક થવાના પગલે એલઆરડી પરીક્ષા રદ કરવાને લઈ રાજયભરના લાખો ઉમેદવારો પરત્વે ભારે દુઃખ અને સંવેદનાની લાગણી પ્રગટ કરી હતી. સાથે સાથે તેમણે એ મુદ્દે પણ સ્પષ્ટતા કરી હતી કે, લોકરક્ષકની આ રદ કરાયેલી પરીક્ષા આગામી ૧૬ ડિસેમ્બરે લેવામાં આવવાની સોશ્યલ મીડિયામાં વહેતી થયેલી વાત માત્ર અફવા જ છે અને તેની તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી. પરીક્ષાની નવી તારીખ હવે પછી જાહેર કરાશે. લોકરક્ષક પેપર લીક કૌભાંડમાં બરોબર સલવાયેલી રાજ્ય સરકાર તરફથી અંદાજે ૯ લાખ ઉમેદવારોને આશ્વાસન આપતા લોકરક્ષક ભરતી સમિતિના અધ્યક્ષ અને રાજયના એડીશનલ ડીજીપી વિકાસ સહાયે આ સમગ્ર ઘટનાને ખુબ જ દુખદ ઘટના ગણાવી હતી. આજે એક પત્રકાર પરિષદ સંબોધતા વિકાસ સહાય જણાવ્યું કે, લોકરક્ષકનું પેપર લીક થયું હોવાનું જણાતા જ મારી પાસે બે વિકલ્પ હતા. જેમાં આ પરીક્ષા ચાલુ રાખી ત્યારબાદ તપાસ કરી જવાબદારો સામે પગલા ભરવામાં આવે અને બીજો વિકલ્પ પરીક્ષા રદ કરવામાં આવે. જેમાં ૫૦થી લઈ ૧૦૦-૧૫૦ જેટલા કૌભાંડી લોકોના કારણે અન્ય તેજસ્વી અને હોંશિયાર ઉમેદવારોને અન્યાય થાય નહીં તે માટે આ પરીક્ષા રદ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. તેમણે વધુમાં ઉમેર્યું કે, આ પરીક્ષાનું પેપર માત્ર એક જ સેટમાં છપાયેલું હતું. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અગાઉ ત્રણ સેટમાં પેપર છપાતા હતા. પરંતુ ઘણાં સમયથી હવે એક જ સેટમાં પેપર છપાતા હોવાનું જણાવતા તેમણે કહ્યું કે, આ પેપર ગુજરાતમાં નહીં પણ રાજ્ય બહાર છાપવામાં આવ્યું હતું. આ પેપર સ્ટ્રોંગ રૂમ અથવા અન્ય સ્થળેથી ક્યારે અને કેવી રીતે લીક થયું તેની સઘન અને

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT®
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com